# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. એ. સેમેસ્ટર - III (ગુજરાતી)
## પેપર : ૧૧ ભારતીય સાહિત્ય

**તારીખ : ૨૪/૦૯/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. ભારતીય સાહિત્યના લક્ષણો ટૂંકમાં જણાવો.

૨. 'ભારતીય સાહિત્ય' વિશે ગુજરાતીમાં ચર્ચા કરનાર વિદ્વાનોના નામ આપો.

૩. 'ઇન્ડીયન લીટરેચર' શબ્દપ્રયોગ પ્રથમવાર કોણે કર્યો ?

૪. પ્રાચીન ભારતીય સાહિત્ય કૃતિઓના નામ આપો?

૫. મધ્યકાલીન ભકિત આંદોલનકારોના નામ આપો.

૬. કર્ણિકથી પહેલા કોણે મરાઠીમાં નકકર વાસ્તવની નવલકથા લખી હતી?

૭. ભારતીયવિભાજનને નિરુપતી ચાર કૃતિઓના નામ આપો.

૮. 'જેણે લાહોર નથી જોયું' નાટકનો ગુજરાતી અનુવાદ કોણે કર્યો છે?

**પ્રશ્ન : ૨** ભારત, ભારતીય અને ભારતીયતા સંજ્ઞા વિગતે સમજાવી, ભારતીય સાહિત્યની વિભાવના સ્પષ્ટ કરો. **(૧૭)**

અથવા

ભારતમાં ઉદ્ભવેલા મધ્યકાલીન ભકિત આંદોલનનો વિગતે પરિચય કરાવો.

**પ્રશ્ન : 3** "ભારતીય વિભાજન એ માનવતાના હ્રાસનો વૈશ્વિક કલંક છે" - આ વિધાનને "જેણે લાહોર નથી જોયું .." નાટકના સંદર્ભે મૂલવો. **(૧૮)**

અથવા

"ભારતીય જીવનનું કેન્દ્રબિન્દુ માનવતા છે"-આ વિધાનની "જેણે લાહોર નથી જોયું" નાટકના સંદર્ભે સમીક્ષા કરો.

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૮

એમ. એ. સેમેસ્ટર - III (ગુજરાતી)

પેપર : ૧૨ પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા

**તારીખ : ૨૫ /૦૯/૨૦૧૭** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. કવિતા વિશે પ્લેટોએ કરેલા આક્ષેપો કયા છે ?

૨. એરિસ્ટોટલના કયા બે ગ્રંથોમાં કવિતા અને વાગ્મિતા અંગે ચર્ચા કરી છે ?

૩. લોન્જાઈનસના મતે ઔદાત્ય સાધવા માટેના પાંચ આવશ્યક તત્વો જણાવો.

૪. લોન્જાઈનસનો કાવ્યવિચાર એમના કયા ગ્રંથમાં આલેખાયો છે ?

૫. એલિયટ પ્રશિષ્ટ કૃતિમાં કયા ત્રણ પ્રકારની અપેક્ષા રાખે છે ?

૬. એલિયટના વિવેચન ગ્રંથોના નામ જણાવો.

૭. આર્નોલ્ડના મતે કઈ બાબતો કવિની કૃતિને ઉત્કૃષ્ટ બનાવે છે ?

૮. આર્નોલ્ડે આપેલી કવિતાની વ્યાખ્યા જણાવો.

**પ્રશ્ન : ૨** ટ્રેજેડીની વ્યાખ્યા આપી, ટ્રેજેડીના ઘટકતત્વો, વસ્તુ વિધાન અને ચરિત્રચિત્રણ વિશે વિસ્તારથી સમજાવો. **(૧૭)**

**અથવા**

સવિસ્તર નોંધ લખો.

(અ) કેથાર્સિસ

(બ) ભવ્યતા વિરોધી તત્ત્વો

**પ્રશ્ન : 3** ટી.એસ.એલિયટની કાવ્ય વિશેની વિચારણા વિસ્તારથી સમજાવો. **(૧૮)**

**અથવા**

સવિસ્તર નોંધ લખો.

(અ) પ્રશિષ્ટતાવાદ

(બ) કવિતાના ત્રણ સ્વરો

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. એ. સેમેસ્ટર - III (ગુજરાતી)

## પેપર : ૧૩ લોકસાહિત્ય-૧

**તારીખ : ૨૬/૦૯/૨૦૧૮** — **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** — **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ) (૧૫)**

૧. લોકસાહિત્યની વ્યાખ્યા આપો.

૨. લોકવિદ્યા એટલે શું ?

૩. લોકસાહિત્યના પ્રકારો જણાવો.

૪. જીવન સંલગ્ન લોકગીતના પ્રકારો દર્શાવો.

૫. લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેની બે ભેદરેખા દર્શાવો.

૬. લોકગીત કોને કહેવામાં આવે છે ?

૭. 'રઢિયાળી રાત' માં કયા કયા પ્રકારના ગીતો છે ?

૮. કોઈપણ બે કથાગીતનાં ઉદાહરણ આપો.

**પ્રશ્ન : ૨** લોકસાહિત્ય એટલે શું ? તે સમજાવી, તેના લક્ષણો વિગતે સમજાવો. **(૧૭)**

**અથવા**

૧. લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય વચ્ચેની ભેદરેખા

૨. લોકગીત તથા કથાગીતોમાં પ્રગટતું સમાજજીવન

**પ્રશ્ન : 3** લોકગીતની વિવિધ વ્યાખ્યાઓ આપી, લોકગીતના પ્રકારો વિગતે સમજાવો. **(૧૮)**

**અથવા**

૧ . 'રઢિયાળી રાત' માં નિરૂપિત કુટુંબસંસારનાં ગીતો

૨. 'રઢિયાળી રાત' ના દામ્પત્યગીતો

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. એ. સેમેસ્ટર - III (ગુજરાતી)

## પેપર : ૧૪ મધ્યકાલીન સાહિત્ય કૃતિઓ

**તારીખ : ૨૭/૦૯/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. પદ્યવાર્તા એટલે શું ?

૨. પદ્યવાર્તા સાહિત્ય સ્વરૂપના વિકાસમાં પ્રદાન કરનારા ચાર સર્જકોના નામ જણાવો.

૩. શામળની ચાર પદ્યવાર્તાઓના નામ જણાવો.

૪. પ્રેમાનંદના જાણીતા આખ્યાનોના નામ જણાવો.

૫. ‘મદનમોહના’ ની આડકથાના પાત્રોના નામ જણાવો.

૬. ‘ઓખાહરણ’ માં મંગલાચરણનું શું મહત્ત્વ છે ?

૭. ‘ઓખાહરણ’ માં ઓખા કયા ત્રણ વરદાન માંગે છે ?

૮. ‘ઓખાહરણ’ નાં મુખ્ય પાત્રોના નામ આપો.

**પ્રશ્ન : ૨** પદ્યવાર્તા સાહિત્ય સ્વરૂપ સમજાવી, તેની સ્વરૂપગત લાક્ષણિકતાઓ ચર્ચો. **(૧૭)**

**અથવા**

આખ્યાન સાહિત્ય સ્વરૂપના લક્ષણો સદષ્ટાંત સમજાવો.

**પ્રશ્ન : ૩** ‘મદનમોહના’ પદ્યવાર્તાને આધારે સમગ્ર મૂલ્યાંકન કરો. **(૧૮)**

**અથવા**

‘ઓખાહરણ’ ને આધારે પ્રેમાનંદની આખ્યાનકલા ચર્ચો.

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. એ. સેમેસ્ટર - III (ગુજરાતી)
## પેપર : ૧૫ (એ) ગ્રંથકાર : સુરેશ જોષી

**તારીખ :૨૮/૦૯/૨૦૧૮** **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. સુરેશ જોષીના જીવન અંગેની ટૂંકમાં માહિતી આપો.
૨. સુરેશ જોષીની સાહિત્યિક સેવાની સમગ્ર માહિતી દર્શાવો.
૩. આધુનિક નવલકથાકારોના નામ, તેમની કૃતિઓ સાથે લખો.
૪. ગુજરાતી સાહિત્યના કોઈપણ ત્રણ નિબંધકારોના નામ લખો.
૫. "જનાન્તિકે" ના કોઈ પણ ત્રણ નિબંધોના શીર્ષકો લખો.
૬. 'છિન્નપત્ર' ના પાત્રોના નામ દર્શાવો.
૭. "છિન્નપત્ર" શીર્ષકનો અર્થ સમજાવો.
૮. આધુનિક નવલકથાના ત્રણ લક્ષણો જણાવો.

**પ્રશ્ન : ૨** સુરેશ જોષીના સર્જક - વ્યકિતત્ત્વને ઘડનારાં પરિબળોની ચર્ચા કરો. **(૧૭)**

**અથવા**

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સુરેશ જોષીનું યોગદાન વિગતે લખો.

**પ્રશ્ન : 3** "જનાન્તિકે" નાં નિબંધોને આધારે નિબંધકાર સુરેશ જોષીનું મૂલ્યાંકન કરો.

**અથવા** **(૧૮)**

"છિન્નપત્ર" નવલકથાને આધારે આધુનિક નવલકથાકાર સુરેશ જોષીની વિશેષતા ચર્ચો.